**<u>રે.દિ.મુ.નં.–૧૧૦/૨૦૨૪.</u>**

**–– :: <u>આંક–૧ નીચે હુકમ</u> :: ––**

૧. વાદીએ હાલનો દાવો વીજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ–૧૫૪ (૫) મુજબ પ્રતિવાદીઓ પાસેથી રૂા.૪૧,૭૮૯.૫૯ પૈસા વસુલવા દાખલ કર્યો હતો.

૨. વાદીએ હાલનો દાવો દાખલ કરતાં પ્રતિવાદીઓ ને નોટીસ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ, ત્યારબાદ વાદી તરફે પ્રતિ.નં.–૧ ને ડીલીટ કરવાની અરજી આંક–૫ થી આપતાં તેઓને ડીલીટ કરવામાં આવેલ અને ત્યારબાદ સદર કામ પ્રતિ.નં.–૨ ને સમન્સ બજવા ઉપર હતું તે દરમિયાન સમન્સની યોગ્ય રીતે બજવણી થવા છતાં કોઈ જવાબ રજુ ન રાખતા આંક–૧ નીચે તા.૧૦–૦૧–૨૦૨૫ નાં રોજ હુકમ કરી પ્રતિ.નં.–૨ નો જવાબનો હકક બંધ કરી, સદર કામે આંક–૯ થી મુદ્દા કાઢવામાં આવેલા. ત્યારબાદથી આજદિન સુધી છ માસ જેટલો સમય વિતવા છતાં વાદી પક્ષે કોઈ પુરાવો રજુ કરેલો નથી. વધુમાં ગઈ તા.૨૬–૦૬–૨૦૨૫ નાં રોજ વાદી તરફે મુદ્દત રીપોર્ટ રજુ રાખવામાં આવેલો હતો જે આંક–૧૩ વાળો રીપોર્ટ આખરી તક સ્વરુપે મંજુર કરેલ હોવા છતાં આજરોજ વાદી પક્ષે પુરાવો રજુ રાખેલો નથી કે વાદી વકીલશ્રી હાજર રહેલ નથી કે કોઈ મુદ્દત રીપોર્ટ રજુ રાખેલો નથી જે ધ્યાને લેતાં, વાદી પક્ષની બેદરકારી, નિષ્કાળજી ધ્યાને લેતાં, હાલનો દાવો વાદીની કસૂરનાં કારણે રદ કરવો યોગ્ય જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**––:: <u>હુકમ</u> ::––**

૧: આથી હાલનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ (dismiss for default ) રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

મુ. જુનાગઢ.
તા.૧૧–૦૭–૨૫.

**(ગૌરવકુમાર સોમાભાઈ દરજી)**
બીજા એડી.સિનીયર સીવીલ જજ
જુનાગઢ.
**JUDGE CODE NO.GJ-01475**